# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ : ૨ અંક : ૫ મે,૨૦૦૦



**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
મમતા ગૌસ્વામી
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા


## પંચાયતી રાજ

ભારતમાં પંચ એજ પરમેશ્વર ઉકિત સદીઓથી પ્રચલીત છે.ઋગવેદ અને અથર્વવેદમાં પણ પંચાયતનો ઉલ્લેખ છે. ૧૯૦૯ માં લોર્ડ રિપને સ્થાનિક સ્વરાજની ચર્ચાકરી હતી. ૧૯૩૧માં મહાત્મા ગાંધીએકહયુંહતુ કે ગામડાનુ સર્વનાશ ન વાળવુ હોય તો કોઈ પણ ભોગે ગ્રામ પંચાયતોને જીવીત કરવી પડશે

૧૯૬૦ સુધીમા દેશના દરેક ભાગ માં પંચાયતની અમલવારી શરૂ થઈ. એક ઉત્સાહ હતો કે પંચાયતી રાજ આવવાથી ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયત સ્વતંત્ર હશે,સ્પર્ધાત્મક નેતૃત્વથી નવુ જોમ મળશે,પંચાયત સ્વતંત્ર રીતે વિકાસના કામો કરી શકશે,પંચાયત રાજકીય,સામાજીક અને આર્થિક ક્રાંતિ લાવશે અને સમાજમાં લોકશાહીના ગુણોનો વિકાસ કરશે તેમજ સાથો સાથ શકિતશાળી,પ્રમાણિક અને સક્ષમ નેતાઓનો અસ્ખલીત સ્ત્રોત બનશે જે સમગ્ર દેશની કાયાપલટ કરશે.આવા ઉદેશથી પંચાયતી રાજની સ્થાપના થઈ.

શરૂઆતના સમયમાં લોક પ્રતિનિધીઓને સતા આપવાને કારણે પ્રાથમિક શાળાના શિક્ષકોની હાજરીમાં સુધારો થયો. લોકો સરપંચ સમક્ષ તેમની ફરીયાદો કરતા અને તેના ઉપાય તેમને મળી જતા.કર્મચારીઓમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ ઘટયુ. ૧૯૬૫ પછી પંચાયતી રાજ વ્યવસ્થા પતન તરફ ધસી. પંચાયતમાં સામાજીક અને આર્થિક વર્ચસ્વ ધરાવતા લોકોનુ પ્રભુત્વ વધ્યુ જેથી આમ જનતાના પ્રશ્નો પર ધ્યાન અપાતુ નહી.અમલદારશાહી,વ્યાપારી હિતો,ધંધાદારીવર્ગ,પોલીસ અને રાજકારણીઓએ વિકેન્દ્રિકરણ સામે એવો પ્રચાર કર્યો કે સ્થાનિક ચુંટાયેલા પ્રતિનિધિ કરતા તેઓ વધારે લાભ અપાવી શકશે જેથી ગ્રામિણ ધનિકો અને અમલદારો વચ્ચે જોડાણ ઉભુ થયુ અને ગ્રામિણ ગરીબોને બાકાત કરી દેવામાં આવ્યા.(સ્ત્રોતઃ પંચાયતી રાજ સ્વશાશન તરફ)આથી થોડા સમયમા લોકભાગીદારીની અસરકારકતા વિના દિશા વિહીન બની પંચાયતો ભાંગી પડી.

આ સમય ગાળા દરમ્યાન પંચાયતી રાજની સમીક્ષા માટે જુદી જુદી સમિતિઓ રચાઈ અને તેના અહેવાલોના આધારે પંચાયત ધારામાં ઘણા સુધારા થયા છતા આજે પંચાયતોની પરિસ્થિતિ ખુબ જ દયાજનક છે. સરપંચો પૈસાના જોરે કે જ્ઞાતિવાદના જોરે ચુંટણી જીતી જાય છે પરંતુ ચુંટણીની પ્રક્રિયાથી અજાણ છે. પોતાને પંચાયતમાં રહીને કેવા પ્રકારના કામો કરવાના છે તેની જાણકારી નથી. માસિક મિટીંગ કે ગ્રામ સભા પણ બોલાવાતી નથી માત્ર કાગળ પર જ બધુ ચાલે છે.તલાટી કમ મંત્રીશ્રીનુ પંચાયતમાં વર્ચસ્વ હોય તેવુ જણાય છે.પંચાયત તેના આધારે જ ચાલે છે. ગ્રામ વિકાસના કાર્યોનુ આયોજન પણ મંત્રીશ્રી કરે છે. જેથી ભાગ્યે જ ગામની જરૂરીયાત તેમજ ગ્રામિણ ગરીબોને ધ્યાને લેવાય. પંચાયતને સતાતંત્રના દબાણમાં રહીને કામ કરવુ પડે છે. ગ્રામ પંચાયત એ ગામના નાગરિકોની બનેલી છે જેથી તેને સક્ષમ બનાવવા દરેક નાગરીકે સક્ષમ બનવુ પડે.વિકાસમાં રસ અને લાયકાત ધરાવતી વ્યકિતને જ પંચાયતમાં ચુંટવી જોઈએ.તેઓએ ચુંટાઈ ગયા પછી કાર્યો અંગે પુરેપુરી જાણકારી મેળવી લેવી જોઈએ જેમાં હકો,ફરજો, પંચાયતની આવકના સાધનો,ગ્રામસભાનુ કાર્ય,મંત્રીશ્રીના કાર્યો, પંચાયતધારો અને તેના સુધારા વિ.તેમજ ગ્રામ વિકાસ કાર્યક્રમોની જાણકારી મેળવવી જોઈએ. પંચાયતો પાસે વહીવટી કુશળતા તેમજ નાણાકીય સ્ત્રોતનો અભાવ છે તે માટે ચોકકસ આયોજનની જરૂરછે.ઘણી પંચાયતો ચોકકસ આયોજનથી સરકાર કે સંસ્થાઓ પાસેથી અનુદાન મેળવી વિકાસલક્ષી કાર્યો કરવામાં સફળ રહી છે.

પંચાયતોને સક્ષમ બનાવવા માટે ગ્રામસભા ખુબ મહત્વની છે.વર્ષમાં બે વાર ગ્રામસભા બોલાવવી પડે.જેમાં દરેક નાગરિક હાજર રહી પોતાના વિચારો રજુ કરી શકે.હિસાબો અને બજેટ ગ્રામસભામાં જ મંજુર થાય તો જ વિકાસલક્ષી આયોજન થઈ શકે.પરંતુ મોટા ભાગે પંચાયતોમા ગ્રામસભા થતી નથી માત્ર રજીસ્ટર પર સહીઓ લેવામાં આવે છે. જેથી ગ્રામ વિકાસના ખરેખર કામ થવા જોઈએ તે થતા નથી. પંચાયતોને સક્ષમ બનાવવી હોય તો સ્વૈ.સંસ્થાઓએ આ કામગીરી ઉપાડી લેવી પડશે. તાલુકા કક્ષાએ સરપંચોના મંચ બનાવી સમયાંતરે તાલીમ,શિબિરો કે સંમેલનો યોજી તેમને સક્ષમ બનાવવા પડશે તેમજ ગ્રામિણ ક્ષેત્રે ગામ લોકોને જાગૃત કરવા પડશે. હાલ પ્રિયા,ઉન્નતિ,અસાગ,મહિલા સ્વરાજ અભિયાન જેવી સ્વૈ. સંસ્થાઓ પંચાયતી રાજને સક્ષમ બનાવવા માટે કાર્ય કરી રહી છે.

**ગામના બધાજ મતદારોની સભા એટલે ગ્રામ સભા**

**હેલ્થ વર્કરકન્વેન્શન નિકોરા** (GVHA)

૭ થી ૯ એપ્રિલ દરમ્યાન ભરૂચના નાનકડા નિકોરા ગામે યોજાયેલ આરોગ્ય શિબિરમા પ્રથમ વાર જવાનો મોકો મળ્યો.શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર સંસ્થા દ્વારા અમે કુલ સાત વ્યકિતએ ભાગ લીધો જેમાં સંસ્થાના ત્રણ કાર્યકરો અને ચાર સ્વસહાય જૂથોમાં કામ કરતી બહેનો હતી.અન્ય ૪૬ સંસ્થાના ભાઈ બહેનો જોડાયા હતા.

ત્રણ દિવસની શિબિર દરમ્યાન નિષ્ણાંત ડોકટરોએ બાળ આરોગ્ય વિશેની જાણકારી આપી.બાળકોને રસીકરણ અને ધનુર તથા પોલીયો પાવા અંગેનું સચોટ માર્ગદર્શન મળ્યું.દરેક સુવાવડ સલામત થાય નવજાત શિશુની સંભાળ સારી રીતે લેવી.જન્મેલા બાળકનું અઢી કિલ્લો કરતા વજન ઓછુ હોય તે બાળકમાં માંદગીનુ પ્રમાણ વધારે જોવા મળે. શારીરીક પરિવર્તન,જાતિય શિક્ષણ,બાળલગ્ન,મૃત્યુ,નાની ઉંમરે સગર્ભાવસ્થા,પ્રજનનતંત્રના ચેપીરોગ,એઈડસ, સામુદાયિક સ્વાસ્થય,સ્ત્રી પર થતા અત્યાચાર,નશીલા પદાર્થોનું સેવન,ધુમ્રપાન,સ્ત્રી પુરૂષનો ભેદભાવ વિ.મુદા આધારિત જુથ ચર્ચામાં મહત્વનો મુદો જાતિય શિક્ષણ આપવા અંગે નો હતો દરેક વ્યકિત ના મતાનુસાર કિશોર અવસ્થામાં એટલે કે ૧૩ થી ૨૦ વર્ષ ની ઉંમરે દરેક ને જાતિય શિક્ષણ આપવું અત્યંત જરૂરી છે.તેનાથી ઉંમર પ્રમાણે થતા શારીરીક ફેરફારો વિશે વાકેફ રહે છે. બાળલગ્ન, નાની ઉંમરે સગર્ભાવસ્થા,કુંવારી માતા બને,એઈડસ,જેવી સમસ્યાઓ ઘટે છે.

સાંસ્કૃતિક કાર્યક્રમ દરમ્યાન જુદી જુદી સંસ્થાની બહેનોએ કવ્વાલી,ગરબા,નાટકો દ્વારા લોકોમાં એઈડસ, ટી.બી, કેન્સર જેવા રોગો વિશે ની જાાણકારી/સંદેશો/અપીલ રજૂ કરી હતી.સાથે સાથેરાસ અને ગરબાની રમઝટ થી નિકોરા ગામને રળિયામણું બનાવી દીધું હતું.

આ કાર્યક્રમમાં ભાગલીધા પછી મારા મત મુજબ દરેક વ્યકિતને ૧૩ થી ૨૦ વર્ષના ગાળા દરમ્યાન જાતિય શિક્ષણ મળવું જોઈએ.દરેક વ્યકિતએ પોતાનું બ્લડ ગ્રૂપ ચેક –અપ કરાવવું જોઈએ.નશીલા પદાર્થોનું સેવન ન કરવું જોઈએ પોતાના જીવન સાથી સિવાયની અન્ય વ્યકિત સાથે શારિરીક સંબંધ ન બાંધવો જોઈએ.બાળ લગ્ન કરનારનો વિરોધ ઉઠાવવો જોઈએ.અત્યાચાર કે બળાત્કાર જેવા કિસ્સાઓમાં સ્ત્રી ઓએ આત્મહત્યા કરવાને બદલે ગુનેગારને પુરેપુરી સજા થાય તે માટે હિંમતભેર કાર્ય કરવું જોઈએ આ કાર્યમાં સમાજ તથા કુટુંબના સભ્યોએ પણ સાથ આપવો જોઈએ.દરેક ગામમાં આરોગ્ય કાર્યકર તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોવું જરૂરી છે.

**દયાબહેન સેંજલીયા,રબારીકા.**

**અપેક્ષા:**કાર્યક્રમમાં ઘણા બહેનોનો પરિચય થશે નવું જાણવા મળશે તેમજ જુદા જુદા રોગો વિષે જાણકારી મળશે

**કાર્યક્રમ પછી:**આ કાર્યક્રમ થી મને ઘણો લાભ થયો. બાળકો અને બહેનોનું સ્વાથ્ય કેમ જાળવવુ તે જાણવા મળ્યુ. છોકરા છોકરી માં ભેદ ન રાખવો ,આરોગ્ય અને શિક્ષણમાં સમાન હકક આપવા જોઈએ જેથી છોકરી મોટી થઈ આગળ આવશે અને સમાજના બધા કાયદાની ખબર પડશે.સમાજમાં બાળ લગ્ન,સ્ત્રીપર અત્યાચાર ,દહેજપ્રથા તેમજ રોગોમાં ક્ષય, ઝાડા,મેલેરીયા,જાતિયરોગ,પાંડુરોગ, એઈડઝ વગેરે રોગો કેવી રીતે થાય છે. તે જાણવાનો લાભ મળ્યો.

**નવી જાણકારી:** બાળલગ્નથી છોકરી નાની ઉમરે તો ઘરની તમામ જવાબદારી ઉઠાવે, કસુવાવડ થાય કે ડીલેવરી વખતે મુશ્કેલી પડે, બાળક નબળુ આવે આમ, છોકરીનું શરીર નબળું પડતું જાય છે અને કયારેક મૃત્યુ પણ પામે છે.

સ્ત્રી સ્વાસ્થયઃ બહેનો ને માસિક તકલીફ,વ્યંધત્વ,જાતિય રોગમાં તબીબી માર્ગદર્શન,બાળકીઓને પુરતું પોષણ અને લોહતત્વ મળે તે માટેનું શિક્ષણ, પરિણિત અપરિણિત યુવક યુવતિને તેમના શરીર વિશે પુરી જાણકારી આપવી.

એઈડઝઃ આ રોગ ફેલાવવાના મુખ્ય માર્ગો ચેપી યૌન પ્રવાહી કે વીર્ય અને ચેપ વાળુ લોહી.અન્ય માર્ગોમાં ઈન્જેકશનની સોય, ઓપરેશન ના સાધનો બરાબર જંતુરહિત ન થવાથી આ રોગના કીટાણુ બીજાને લાગુ પડે છે.એક થી વધુ વ્યકિત સાથે જાતિય સબંધ બાધવાથી એઈડઝનો રોગ થાય છે.

**મારા ગામમાં:** બધા બહેનોને એજ સમજાવવાનું કે વિટામીન યુકત ખોરાક લેવો જોઈએ.નાનપણ થી બાળકને જોઈતા પ્રમાણમાં થોડી–થોડી વારમાં ખોરાક આપવો, સગર્ભાસ્ત્રીની સંભાળ, અમુક મહિને ધનુરના ઈન્જેકશન, માસિક સ્ત્રાવ આરંભની સમજણ,વિ. માસિક સ્ત્રાવ આવે તો ગભરાવું નહિ આ બધુ ભાઈઓ–બહેનોને પણ જાણ હોવી જરૂરી છે. કોઈ પ્રકારની શરમ રાખ્યા વગર ૭ થી ૧૦ ધોરણના વિધાર્થીને તેની સમજણ આપવી તે માટેપહેલી ફરજ માતાની પછી શિક્ષકની અને ત્યાર પછી અન્ય સલાહ આપે. સ્ત્રી પર થતા અત્યાચાર,કુરિવાજો,વ્યસન,વહેમ આવુ બધુ બંધ કરવું જ જોઈએ. બાળકને બીજી કોઈ કામગીરી સોંપવાની નથી તેને ભણાવવાની જ જરૂર છે. ઘણા મજૂર લોકો તેના બાળકને ચા ની હોટલમાં કોઈ ઉધોગમાં રાખી અને પોતાની રોજની આવક થી ઘર ચલાવે છે. પણ આમ કરવાથી દેશની ગરીબી વધે છે. આપણા દેશમાં અસંખ્ય બાળ મજુરો છે. તેને આપણે શોધીને આ દુષણ વધતુ અટકાવી તેમનું બાળપણ ફરીથી પાછુ આવે તેવા પ્રયત્નો હુ તથા આપણે સૌ કરીએ.

**ભાવનાબહેન સેંજલીયા, પચપચીયા.**

**પહેલું સુખ તે જાતે નર્યા.**

### સ્વાતિ–સ્ત્રી અને હિંસા

૨૯ એપ્રિલ ના રોજ 'સ્ત્રી અને હિંસા'કાર્યક્રમની સંકલન સમિતિની બેઠક ધ્રાંગધ્રા સ્વાતિની ઓફિસે મળી જેમા ૧૦ સંસ્થાના ૧૭ સભ્યોએ ભાગ લીધો. આ બેઠકમા સ્ત્રી અને હિંસા પરની તાલીમમા જોડાનાર કાર્યકરોની પસંદગીના ધોરણો,કાર્યકરોની સંખ્યા,તાલીમમા શિખવાના મુદા અંગે તબકકા વાર ચર્ચા કરવામા આવી અને આ કાર્યક્રમની સમજ માટે ૧૫ થી ૩૦ જુન વચ્ચેના સમયગાળામા કોઈ પણ બે દિવસ માટે પ્રિ–તાલીમ યોજવાનુ નકકી થયુ.

### મહિલા સ્વરાજ અભિયાન

આ અભિયાન સાથે જોડાયેલી સંસ્થાઓની રાજય સ્તરીય બેઠક તા. ૩૦–૩૧મે દરમ્યાન રાખવામા આવી છે જેમા અભિયાન દ્વારા થયેલ આયોજન અને અમલીકરણ પર ચર્ચા વિચારણા કરવામા આવશે.

### પ્રજનન અને બાળસ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન

આશરા સંસ્થાન દ્વારા ૧૪ મેના રોજ બાળસ્વાસ્થ્ય પર શિબિર યોજાઈ.સંસ્થાએ મોરવા તાલુકાના ૧૫ ગામોમા 'ચેતના' ના સહયોગથી શિબિરોનુ આયોજન કર્યુ છે જેમા પ્રસૃતિબાદની કાળજી,બાળ મૃત્યુના કારણો,આયર્ન ગોળીનુ મહત્વ,ઓ.આર. એસ.પાવડરનો ઉપયોગ,અંધત્વ વિશે ચર્ચા કરી ગરીબ મહિલાઓને આંગણવાડીમાં ફ્રી નાસ્તો મળે છે.પ્રથમિક આરોગ્ય કેન્દ્રમાં ફ્રી સારવાર મળે છે તેની જાણકારી આપી.મહિલા આરોગ્ય કાર્યકર આ કામગીરીમા મદદરૂપ થઈ હતી.

### વિકલાંગ કેમ્પ (એક નવતર પ્રયાસ)

વિકલાંગો માટે પોતાની અપંગતાના પ્રમાણપત્રો મેળવવામા પડતી મુશ્કેલી તથા વિલંબ નિવારવા ઈન્ડિયન રેયોન ઈન્ડિસ્ટ્રીઝ–વેરાવળના જનસેવા ટ્રસ્ટે વેરાવળ–સુત્રાપાડા વિસ્તારના ૧૦૧ ગામોના વિકલાંગોની માહિતી એકત્ર કરી સીવીલ સર્જન તથા સમાજ સુરક્ષા કચેરીને સાથે રાખી જે વિકલાંગો પાસે પ્રમાણપત્રો ન હતા તેમની શારિરિક તપાસ કરાવી પ્રમાણપત્રો આપવા માટે ૧૬ જુનના રોજ કેમ્પ રાખવામાં આવ્યો.કુલ ૪૮૬ વિકલાંગો માંથી ૬૪% વિકલાંગો પાસે પ્રમાણપત્રો ન હતા અને જેમની પાસે પ્રમાણપત્રો હતા પણ અપંગ ઓળખપત્રો ન હતા તેઓને પણ આ કેમ્પમા બોલાવવામા આવ્યા હતા. આ તમામ ભાઈ બહેનોને પ્રમાણપત્રો તથા ઓળખપત્રો રૂબરૂ આપવામા આવ્યા. સ્થાનિક સંસ્થાઓ જનસમાજ સેવા સંઘ,રામ સેવા મંડળ તથા માનવ વિકાસ સંઘે કાર્યક્રમમાં સહયોગ આપ્યો હતો.આ ઉપરાંત સંસ્થા દ્વારા ૧૧મેના રોજ મહિલા જાગૃતિ શિબિર સરદાર સમૃતિ કેન્દ્ર અને કૃષિ યુનિવર્સિટી જુનાગઢ ના સહયોગથી રાખવામા આવી હતી.

### નવયુવાન પર્યાવરણ સંરક્ષણ એજયુકેશન ટ્રસ્ટ

નિરાધાર,અશકત,ત્યજેલા,લુલા–લંગડા,અને રોગથી પીડાતા પશુ પ્રાણીઓ માટે સંસ્થાએ બે પશુ ચિકિત્સક,એક કંપાઉન્ડર તથા બે સેવાભાવી પશુ પ્રેમીઓએ સાથે મળીને પશુપાલનકાર્ય શરૂ કર્યુ છે.પશુસારવાર કેન્દ્ર શરૂ કરવાનુપણ સંસ્થાનુ આયોજન છે તે માટે માર્ગદર્શન તથા આર્થિક સહયોગની જરૂર છે.હાલ ૮ પશુની સારવાર ચાલુ છે.

### ઉતમ આરોગ્ય વર્ધક ગુગળનું દાતણ

દાતણ કરવા માટે દેશી બાવળ,લીમડો અને વડના દાતણ શ્રેષ્ઠ ગણાય છે. ગુગળનુ વૃક્ષ મુખ્યત્વે કચ્છ,રાજસ્થાન અને સીધના પ્રદેશમા થતુ હોય તેનુ દાતણ વધુ પ્રચલિત થઈ શકયુ નથી.વૃક્ષની મુખ્ય ડાળીઓ પર દોઢથી બે ઈંચના અંતરે ડાળીઓ ફુટે છે.જે પેન્સિલ જેવી જાડી થાય ત્યારે દાતણના ઉપયોગમા લઈ શકાય છે.તેનુ દાતણ કરવાથી મોઢામા રહેલ કીટાણુઓ નષ્ટ થાય છે તથા મોઢામા આવતી દુર્ગંધ દુર થાય છે.દાતણ કરતી વખતે પ્રથમ એકાદ બે વાર થુંકી દીધા પછી જો ગુગળના રસવાળી થુંક મોંમા ઉતારવામા આવે તો ગુગળ મા રહેલ દીપન અને શારક ગુણના કારણેઅપચન અને કબજીયાતના રોગમા આંતરડા – હોજરી શિથીલ થઈ ગયા હોય તો તે માટે ઉતમ ઔષધ પુરવાર થાય છે.જે વ્યકિતિના લોહીમા શ્વેતકણો ઓછા હોય તો ગુગળનુ દાતણ કરવાથી શ્વેતકણોમા વધારો થાય છે.સાથેસાથે રકતકણોના રંગમા પણ સુધારો કરેછે.નીરોગી માણસ આ રીતે સેવન કરે તો ચામડીના રંગમા સુધારો થાય છે.બહેનો આ દાતણનો ઉપયોગ કરે તો ગર્ભાશયનો સંકોચ કરેછે અને યુવાન સ્ત્રીઓને અનાર્તવમાં સારો ફાયદો કરે છે.તેના ફળો (ગુગળીયા) ખાવાથી ઉદરની પીડા દુર થાય છે.

જંગલમા આ ઝાડ ૮–૯ વર્ષમાં પુખ્ત થાય, ગરમીની મોસમ શરુ થતાં ઝાડના થડમા વચ્ચે છેદ પાડવામાં આવે છે. આ છેદમાથી કુદરતી રીતે ઔષધીય ગુણધર્મો ધરાવતુ પ્રવાહી નીકળે છે. જેને ગુગળ કહેવામા આવે છે.

૮–૯ વર્ષ પછી ઉપજ આપતા આ વૃક્ષ આધરિત ખેતી તરફ ખેડૂતોનુ ધ્યાન ગયુ નથી છતાં રાજસ્થાનના બે પ્રગતિશીલ ખેડૂતોએ ગુગળનુ પ્લાન્ટેશન કરેલ છે.ગુજરાતમા કચ્છ જિલ્લામા અબડાસા તાલુકાના રવા ગામે ગુગળનુ પ્લાન્ટેશન કરેલ છે. આ પ્લાન્ટેશનમા ટપક પધ્ધતિની સુવિધા કરવામા આવેલ હોય ખૂબ મર્યાદિત પાણીથી આ રોપાઓનો ઉછેર કરવામા આવી રહયો છે.

ગુગળની કલમ મેળવવા માટે તથા અન્ય વિગતો મેળવવા માટે સ્વૈચ્છિક સંસ્થા 'ગ્રામ્ય શિલ્પી ' નંદનવન એપાર્ટમેન્ટ, જી/૨, ભાનુશાળી નગર, ભુજ–કચ્છ ફોનનં.૨૦૨૬૧ નો સંપર્ક કરવો.

### ખેડુત મિટીંગ

સાયર રજીયા બાયોકેમિકલ લિ.સુરત ઉત્પાદિત બાયો–સી નામનુ મીનરલ ખાતર ખાંભા તાલુકાના ૧૬ ગામોના ખેડુતો માટે પ્રયોગ કરવા માટે વિના મુલ્યે આપવામા આવ્યુ .આ



ખાતરના નિદર્શન પ્રયોગની વિગતો આપવા માટે પર્યાવરણ વિકાસ કેન્દ્રમાંથી શ્રી તુષારભાઈ પંચોલીએ ઉપરોક્ત ખેડુતો સાથે મિટીંગ કરી જરૂરી સમજણ આપી હતી.

### જુથ લીડર મીટીંગ

ખાંભા તાલુકામા કાર્યરત સ્વસહાય જુથના આગેવાનો માટેની મીટીંગ ૧૩ મે ના રોજ યોજાઈ ગઈ. જેમા આનંદીના સુમિત્રાબેન ઠકકર તથા જહાન્વી અંધારિયાએ ઉપસ્થિત રહી આગેવાન બહેનોને માર્ગદર્શન આપ્યુ હતુ.



### ઉન્નતિ

ઉન્નતિ અમદાવાદ દ્વારા અમદાવાદ ખાતે ૮ અને ૯ મે ના રોજ પંચાયતી રાજ સશકિતકરણ પર કાર્યક્રમ યોજાયો જેમાં સ્વૈ.સંસ્થાઓ પંચાયતોને સક્ષમ બનાવવા શું કરી શકે. તેમજ ૩૩% મહિલા સરપંચ બહેનોને કાર્યરત કરવા શુ કરવું જોઈએ અને ગ્રામ સભા સશકિતકરણમાટે શું કરવું જોઈએ તેની ચર્ચાઓ થઈ હતી. આ કાર્યક્રમમાં ૧૦ સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહયા હતા તેમજ પંચાયત મંત્રીશ્રી નારાયણભાઈએ હાજરી આપી મહિલા સરપંચોને સક્ષમ બનાવવા માટે કાર્યક્રમો યોજવા જણાવ્યું હતું.

### બેંક ના બ્રાન્ચ મેનેજરો સાથે મિટીંગ

અમરેલી લીડબેંક દ્વારા નાબાર્ડના સહયોગથી સ્વસહાય જુથોને બેંક સાથે જોડવા માટે પડતી મુશ્કેલી અંગે અમરેલી જીલ્લાના બ્રાન્ચ મેનેજરો સાથે મિટીંગ યોજાઈ જેમાં સ્વાશ્રયી જુથનો ખ્યાલ દેશ અને રાજયમાં સ્વાશ્રયી જુથોની સફળતા પર વાર્તાલાપ બાદ ચર્ચાઓ થઈ અને બેંકના મેનેજરોએ બચત જુથોને ઉપયોગી થવા માટે સમંતિ દર્શાવી.સ્વસહાય જુથો પર કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ તથા રચાયેલા જુથના આગેવાનો ને પડતી મુશ્કેલીઓ અંગે પણ રજુઆત થઈ અને તેના નિરાકરણો મેળવવા પ્રયાસ થયો.



Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centere and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amereli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

**Book -Post,Printed Matter**
**Post Regn. No. G/AMI-91/99**

ESC

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫

**હમે ન અબળા સમજે, હમભારત દેશ કી નારી હૈ, કોમલ કોમલ ફુલ નહી, જવાલા હૈ ચિનગારી હૈ.**